## કોંગ્રેસની જન આક્રોશ યાત્રા કાલોલ ખાતે આવી પહોંચી, સરકાર સામે નારેબાજી

**સરકારની** નીતિઓના કારણે સામાન્ય જનતા, ખેડૂત, યુવાન અને ગરીબ વર્ગ પર ભાર વધ્યો



(પ્રતિનિધિ) કાલોલ, તા.31

સરકાર સામે નિષ્ફળ નીતિઓ, મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટ તંત્રના આક્ષેપો સાથે જનતાના હક, અધિકાર અને ન્યાય માટે મક્કમતાથી લડત લડવાનો સંકલ્પ લઈને કોંગ્રેસ પક્ષ દ્વારા આયોજિત જન આક્રોશ યાત્રા મંગળવારે રાત્રે પંચમહાલ જિલ્લાના કાલોલ શહેરમાં આવી પહોંચી હતી. યાત્રાના આગમન પ્રસંગે સ્થાનિક કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. યાત્રા દરમિયાન “ખેડૂતોના દેવા માફ કરો, નહીં તો ભાજપ સાફ કરો” જેવા ઉગ્ર સૂત્રોચારો સાથે સરકારની નીતિઓ સામે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

જન આક્રોશ યાત્રા કાલોલ મામલતદાર કચેરી પાસે આવેલી ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર પહેરાવી “બાબાસાહેબ અમર રહો”ના નારા સાથે આગળ વધારી હતી. યાત્રામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પક્ષના નેતા તુષારભાઈ ચૌધરી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ વિપક્ષના નેતા સુખરામભાઈ રાઠવા, ભીખાભાઈ રબારી, ડૉ. ઈરફાન રાઠોડ, ભગુરાજસિંહ ચૌહાણ, હાલોલ વિધાનસભાના પૂર્વ કાયદા મંત્રી ઉદેસિંહ બારીયા, પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ચેતનસિંહ પરમાર, પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અજીતસિંહ ભાટી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી અનસભાઈ અંધી, પંચમહાલ જિલ્લાના મહામંત્રી સાજીદ વલી, ડૉ. રાજેશ બારીયા, રફિકભાઈ તિજોરીવાલા, યશવર્ધન રાઉલજી, જીતેન્દ્રભાઈ પરમાર, આબિદ શેખ, મિકી જોસેફ, જશવંતભાઈ પટેલ, રાજેશ હડિયલ, ભુપેન્દ્રભાઈ ખેર, પ્રદ્યુમનસિંહ પરમાર, સોમભાઈ રાઠવા, તેજેન્દ્રસિંહ પઢિયાર, ગજેન્દ્રભાઈ પરમાર, કીર્તિભાઈ રાણા, એજાજ શેખ, સલીમભાઈ મીર, મોહમ્મદભાઈ મકરાણી, અશોક શાહ, કાજલબેન પરમાર, રાજેન્દ્રસિંહ જાદવ, અશોક ઉપાધ્યાય, કિરણભાઈ, ટીનાભાઈ, નટુભાઈ, મુકેશભાઈ બારીયા સહિત કોંગ્રેસના આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કાલોલ પંથકમાં રેતી ખનન માફિયાનો ખુલ્લા પડકારનો વીડિયો વાયરલ

(પ્રતિનિધિ) કાલોલ, તા.31

કાલોલ પંથક તથા આસપાસના વિસ્તારોમાં, ખાસ કરીને ગોમા નદીના કિનારે ગેરકાયદે રેતી ખનન મોટા પાયે ચાલી રહ્યું હોવાની ફરિયાદો વચ્ચે હવે એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. રેતી ભરતા ટ્રેક્ટર સાથે ફિલ્મ Pushpa: The Riseના લોકપ્રિય ડાયલોગ બોલતા ટ્રેક્ટર ચાલકના બે વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે.

વાયરલ વીડિયોમાં ટ્રેક્ટર પાસે ઊભેલો યુવક ફિલ્મી અંદાજમાં કહે છે–

“માલ કિતના? દો હજાર ટન એક ટન કા ઢાઈ કરોડ મજાક કર રહે હો પુષ્પા? પુષ્પા





ધંધે મેં મજાક નહીં કરતા”

આ ડાયલોગ સાથે ઉઘાડેઆમ હાસ્ય અને લલકાર જોવા મળે છે. વધુમાં, વીડિયોમાં “બે નંબર” જેવી ટેગ લગાવવામાં આવી હોવાનું પણ સ્પષ્ટ દેખાય છે, જે ગેરકાયદે ખનન તરફ સીધી ઈશારો કરે છે.

ચર્ચા મુજબ, વાયરલ થયેલા બે વીડિયોમાંથી એક કાલોલ તાલુકાના ગોળીબાર વિસ્તારનો હોવાનું કહેવાઈ રહ્યું છે. સ્થાનિકોમાં આ બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખાણ-ખનીજ વિભાગ, મામલતદાર, પોલીસ, તેમજ ગ્રામ પંચાયત સહિતના તંત્રને જાણે ખુલ્લો પડકાર આપતા હોય તે રીતે વીડિયો બનાવવામાં આવ્યા હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### લીમખેડાની શ્રી હસ્તેશ્વર સ્કૂલ ખાતે સ્પોર્ટ ડે ને ભવ્યાતિભવ્ય ઉજવણી કરાઈ



**લીમખેડા |** લીમખેડાની શ્રી હસ્તેશ્વર સ્કૂલ ખાતે સ્પોર્ટ ડે ને ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં કરવામાં આવી હતી કાર્યક્રમ માં લીમખેડા પોલીસ સ્ટેશન પી.આઈ બી.કે.ચાવડા , એ.એસ.આઈ અર્જુનસિંહ,એ.એસ.આઈ રણજીતસિંહ સંસ્થાના મંત્રી ભરતભાઈ ભરવાડ સહિત ના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા સ્પોર્ટ ડે માં શાળાના જૂ કે જી થી લઈ ધોરણ બાર સુધીના વિદ્યાર્થીઓએ વિવિધ રમતો માં ભાગ લઈ વિજેતા બન્યા હતા વિજેતા થયેલ તમામ ખેલાડીઓને પી આઈ શ્રી બી કે ચાવડા અને મંત્રી ભરતભાઈ ભરવાડ દ્વારા ટ્રોફી અને મેડલ્સ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા પી આઈ બી કે ચાવડા દ્વારા બાળકોને રમત ગમત નું મહત્વ સમજાવતા જણાવ્યું હતું જીવન માં શિક્ષણ ની સાથે રમત પણ એટલી જ જરૂરી છે.

### કાલોલની એમજીએસ હાઇસ્કુલ ખાતે વાર્ષિક રમતોત્સવની ઊજવણી કરાઈ



**કાલોલ |** કાલોલ કેળવણી પ્રચારક મંડળ દ્વારા સંચાલીત ધી એમ જી એસ હાઇસ્કુલ ખાતે બુધવારે વાર્ષીક રમતોત્સવ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ મુખ્ય મહેમાન તરીકે ૩૦ એનસીસી બટાલિયન ગોધરાના કર્નલ આર કે શેરોન ઉપસ્થિત રહ્યા હતા. શાળાના ટ્રસ્ટી પ્રકાશ ગાંધી તથા જયંત મહેતા, ટ્રસ્ટી વિરેન્દ્ર મહેતા, યોગેશ મહેતા, મનોજ પરીખ અને શાળાનો સ્ટાફ અને રમતોત્સવ મા ભાગ લેતા વિદ્યાર્થિઓ ઉપસ્થિત રહ્યા હતા.મહેમાનો નુ સ્વાગત આચાર્ય ડો કે પી પટેલ દ્વારા કરવામાં આવ્યુ.દીપ પ્રાગટ્ય કરી કર્નલ આર કે શેરોન દ્વારા મશાલ પ્રસ્થાન કરાવ્યું હતુ અને ત્યારબાદ શિસ્તબદ્ધ રીતે એનસીસી ની પરેડ યોજાઈ હતી લેઝીમ દાવ અને ડંબલ્સ દાવ, રસા ખેંચ, વોલીબોલ, લાંબી કુદ ,ઉંચી કૂદ,ગોળા ફેંક બાદ કર્નલ દ્વારા પ્રાસંગીક પ્રવચન આપ્યું અને ખેલાડીઓ ની શપથવિધી કરાઈ ત્યારબાદ રમતોત્સવ ખુલ્લો મુકાયો હતો.

### દાહોદમાં રાષ્ટ્રવ્યાપી ગ્રાહક જાગૃતિ ભારતયાત્રાનું સ્વાગત કરાયું




**દાહોદ |** કન્ઝ્યુમર કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયા ના રજત જયંતિ વર્ષ નિમિત્તે ગ્રાહક જાગૃતિ ભારતયાત્રા નવી દિલ્હીથી ફ્લેગ ઓફ કરવામાં આવી હતી. દાહોદ જિલ્લામાં આ યાત્રા પ્રવેશતા ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદના પ્રમુખશ્રી ગોપાલભાઈ ધાનકાએ ખૂબ જ હર્ષોલ્લાસથી સ્વાગત કર્યું હતું. ભારત યાત્રામાં સાથે આવેલ મહાનુભવો ડો. અનંત શર્મા, સંજય ખંડેલવાલ, રેખાબેન ખંડેલવાલનું પુષ્પાહાર સ્વાગત કરવામાં આવ્યું . ગ્રાહક સુરક્ષા મંડળના મંત્રીશ્રી સાબીરભાઈ શેખ, તોલમાપ અધિકારી શ્રી પ્રશાંત કંજારિયા , જીતેન્દ્રભાઈ પંચાલ, લક્ષ્મણભાઈ ભાટિયા, શૈલેષભાઈ ગઢરીયા ઉપસ્થિત રહયા હતા.

## દાહોદમાં સોશિયલ મીડિયા હાઈજેકિંગનો ગંભીર વિવાદ, એફઆઈઆર નોંધાઈ

**એકાઉન્ટ સેન્ટર** કબજા, લોગો-બેંક વિગતો બદલાઈ, ટ્રેડમાર્ક માટે ખોટા દસ્તાવેજ બનાવ્યાનો આક્ષેપ



(પ્રતિનિધિ) દાહોદ, તા.31

દાહોદની જાણીતી ડિજિટલ ન્યૂઝ ચેનલ દાહોદ લાઈવના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ હાઈજેક કરી છેતરપિંડી કર્યાનો ગંભીર મામલો સામે આવ્યો છે. ચેનલના પ્રોપરાઈટર રાજેન્દ્ર શર્માની ફરિયાદના આધારે આરોપી નીલુ મુકેશ ડોડીયા સામે પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, આરોપીએ Facebook-Instagramના Account Centerમાં ગેરકાયદેસર પ્રવેશ મેળવી સિક્યોરિટી સેટિંગ્સ સાથે છેડછાડ કરી હતી. મોબાઈલ નંબર, ઈમેલ અને Two-Factor Authentication બદલી પ્રોપરાઈટરને બહાર કરી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ ચેનલનો લોગો બદલવો, એકાઉન્ટ સેન્ટરમાં પોતાનું બેંક એકાઉન્ટ ઉમેરવું, તેમજ ચેનલના નામે આવતી જાહેરાતોના રૂપિયા ગેરકાયદેસર રીતે મેળવવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ચેનલના નામે પહેલેથી ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ હોવા છતાં એ જ નામે નવા એકાઉન્ટ બનાવી, પોતે માલિક હોવાનું દર્શાવી ટ્રેડમાર્ક અને કોપીરાઈટ મેળવવા ખોટા ડિજિટલ દસ્તાવેજો તૈયાર કરી ટ્રેડમાર્ક ઓફિસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરાયો હોવાનો પણ આરોપ છે. આ સમગ્ર પ્રક્રિયાથી ચેનલની પ્રતિષ્ઠા અને આર્થિક નુકસાન થયું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આ મામલે બી ડિવિઝન પોલીસ મથકએ છેતરપિંડી અને વિશ્વાસઘાતની કલમો હેઠળ કેસ નોંધ્યો છે. પોલીસ દ્વારા સોશિયલ મીડિયા લોગ્સ, ઈમેલ ટ્રેઈલ, બેંક ટ્રાન્ઝેક્શન અને ઈલેક્ટ્રોનિક પુરાવાની વિગતવાર તપાસ શરૂ કરવામાં આવી છે.

## ગાંધીનગર લવાતા ફરાર ગુનેગાર પર પોલીસનું ફાયરિંગ

**લીમડી-લીમખેડા માર્ગે** કચુંબર ગામે ઘટના, આરોપીના પગમાં ગોળી વાગી



(પ્રતિનિધિ) દાહોદ, તા.31

દાહોદ જિલ્લામાં ફરી એકવાર પોલીસ કાર્યવાહીથી ખળભળાટ મચી ગયો છે. આસામથી ગાંધીનગર લઈ જવાતો રીઢો ગુનેગાર પોલીસ કસ્ટડીમાંથી ભાગવાનો પ્રયાસ કરતાં પોલીસે સ્વબચાવમાં ફાયરિંગ કરવું પડ્યું હોવાની ઘટના લીમડીથી લીમખેડા જતા માર્ગ પર કચુંબર ગામ નજીક સર્જાઈ છે. આ ઘટનામાં આરોપીના પગમાં ગોળી વાગતાં તેને સારવાર અર્થે દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ આસામમાંથી રીઢો ગુનેગાર અશોક બિશ્નોઈની ધરપકડ કરી તેને ગાંધીનગર લઈ જઈ રહી હતી. રાજસ્થાનના બાંસવાડા થઈ ઝાલોદના લીમડી વિસ્તારમાં પહોંચતા આરોપીએ અચાનક પોલીસ કર્મચારીઓ પર હુમલો કર્યો હતો. આરોપીએ સીટબેલ્ટ વડે પોલીસ કર્મચારીઓનું ગળું દબાવવાનો પ્રયાસ કર્યો હોવાનું પણ સામે આવ્યું છે.

## સુખસર BOB શાખામાં ખાતાધારકોના ખાતામાંથી બારોબાર નાણાં ઉપડી ગયા

**ખેડૂત તથા પતિ-**પત્નીના ખાતામાંથી રકમ ગાયબ, કોઈ મેસેજ પણ ન આવ્યો– પોલીસ તપાસ શરૂ



(પ્રતિનિધિ) સુખસર, તા. 31

સુખસર તાલુકાના મુખ્ય મથક સુખસર ખાતે આવેલી એકમાત્ર બેંક ઓફ બરોડા શાખામાંથી કેટલાક ખાતાધારકોના ખાતામાંથી બારોબાર હજારો રૂપિયા ઉપડી જવાની ગંભીર ઘટના સામે આવી છે. ખેડૂત તેમજ પતિ-પત્નીના ખાતામાંથી કુલ રૂ. 2,37,080ની રકમ ઉપડી ગઈ હોવા છતાં ખાતાધારકોના મોબાઈલમાં કોઈ એસએમએસ ન મળતાં બેંક વ્યવસ્થાની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. બેંકમાં રૂબરૂ તપાસ કરતા ખાતાધારકોને ઘટનાની જાણ થતાં સુખસર પોલીસ સ્ટેશન તથા સાયબર ક્રાઈમ વિભાગમાં ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ, સુખસર શાખામાં આસપાસના અંદાજે 45 જેટલા ગામોના ખેડૂતો, નોકરીયાતો, શ્રમિકો તેમજ વિદ્યાર્થીઓના હજારો ખાતા સંચાલિત થાય છે. ડિસેમ્બર માસ દરમિયાન કેટલાક ખાતાધારકોના બેલેન્સમાંથી અજાણ્યા રીતે મોટી રકમ કપાત થતી હોવાની ફરિયાદો સામે આવી છે.

પ્રથમ કિસ્સામાં હિંગલા ગામના કીકાભાઈ કાનજીભાઈ સંગાડા તથા તેમના પત્ની લલીતાબેનના ખાતામાંથી રકમ ઉપડી ગઈ છે. કીકાભાઈના ખાતામાંથી તા. 21-10-2025ના રોજ રૂ. 5,000, તા. 27-10-2025ના રોજ રૂ. ૫૦,૦૦૦ અને રૂ. ૨૦,૦૦૦ મળી કુલ રૂ. ૭૫,૦૦૦ ઉપડી ગયા હતા. જ્યારે તા. ૦૨-૧૧-૨૦૨૫ના રોજ લલીતાબેનના ખાતામાંથી રૂ. 50,000 અને રૂ. 30,000 એમ કુલ રૂ.80,000 બારોબાર ઉપડી ગયા હતા. આમ પતિ-પત્નીના કુલ રૂ. 1,55,000 ઉપડી જતા કીકાભાઈએ સુખસર પોલીસમાં લેખિત ફરિયાદ નોંધાવી છે.

## દાહોદમાં બે અલગ અલગ આકસ્મિક મોતના બનાવ: બે આધેડના કરુણ મોત

**ઉસરવાણમાં સીડીઓ** પરથી પડતા મોત, સંજેલીમાં કુવામાં ડૂબી જતાં જીવ ગયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.31

દાહોદ જિલ્લામાં છેલ્લા 24 કલાક દરમિયાન બનેલા આકસ્મિક મોતના બે અલગ અલગ બનાવોમાં બે આધેડોના દુ:ખદ અવસાન થયા હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

પ્રથમ બનાવ દાહોદ તાલુકાના ઉસરવાણ ગામના ટીંડુરી ફળિયામાં બન્યો હતો. અહીં રહેતા પ્રવીણભાઈ બચુભાઈ કતીજા (ઉં. 45) પરમદિવસે રાત્રે આશરે 8:30 વાગ્યાના અરસામાં પોતાના રહેણાંક મકાનની સીડીઓ પરથી અકસ્માતે પગ લપસી જતા પડી ગયા હતા. પડતાં જ માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી તેઓ બેભાન બની ગયા હતા. પરિવારજનો તાત્કાલિક તેમને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં તબીબોએ તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. આ મામલે મરણ જનારના ભાઈ દ્વારા દાહોદ ટાઉન બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરાતા પોલીસે સીઆરપીસી 174 મુજબ અકસ્માત મોતનો ગુનો નોંધ્યો છે.

બીજો બનાવ સંજેલી તાલુકાના જુસા ગામના લાલાના મુવાડા ફળિયામાં બન્યો હતો. અહીં રહેતા સંતોષભાઈ લાલાભાઈ ગણાસવા (ઉં. 45) પરમદિવસે રાત્રે આશરે 8 વાગ્યાના અરસામાં ખેતરમાં આવેલા કૂવામાંથી પાણીની મોટર કાઢવા માટે ઘરેથી નીકળ્યા હતા. કૂવામાંથી મોટર કાઢતી વખતે તેઓ અકસ્માતે કૂવામાં ખાબકી જતા ઊંડા પાણીમાં ડૂબી ગયા હતા. રાત્રે ઘરે પરત ન ફરતા પરિવારજનો દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી. બીજા દિવસે સવારે આશરે 6 વાગ્યાના સમયે તેમની લાશ કૂવામાંથી મળી આવી હતી. આ અંગે મૃતકની પત્ની દ્વારા સંજેલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો છે.

બંને બનાવોમાં પોલીસ દ્વારા પંચનામું કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## કાલોલના વરવાડા વિસ્તારમાં ગેરકાયદે ઈંટોના ભઠ્ઠાઓને તંત્રની મૌન સંમતિ?

**બાળ મજૂરી,** વેસ્ટ પ્લાસ્ટિકથી પ્રદૂષણ અને સલામતીના ગંભીર પ્રશ્નો



(પ્રતિનિધિ) કાલોલ, તા.31

કાલોલ તાલુકાના વરવાડા વિસ્તાર તથા આસપાસમાં પરવાનગી વગર ધમધમતા ઈંટોના ભઠ્ઠાઓ અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. દિવાળી પછી શરૂ થઈ હોળી પહેલાં ઈંટો પકવવા માટે ભઠ્ઠાઓમાં કોલસા અને લાકડાની સાથે કેટલાક ભઠ્ઠા માલિકો દ્વારા બેફામ રીતે વેસ્ટ પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાનું સામે આવી રહ્યું છે, જેના કારણે ભારે પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે આ બાબતે તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે.

કાલોલ તાલુકાની કેટલીક ગ્રામ પંચાયતોમાં ખેતીયોગ્ય જમીન પર મંજૂરી વગર ઈંટોના ભઠ્ઠા ઉભા કરી દેવામાં આવ્યા હોવાના આક્ષેપો લાંબા સમયથી થતા રહ્યા છે. પ્રદૂષણના કારણે આસપાસના ખેડુતોને ખેતીમાં મુશ્કેલીઓ ભોગવવી પડી રહી છે. ખાસ કરીને વરવાડા રોડ પર આવેલા કેટલાક ભઠ્ઠાઓમાં ઈંટો પકવવા માટે વેસ્ટ પ્લાસ્ટિકનો ખુલ્લેઆમ ઉપયોગ થતો હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે.

આ ઉપરાંત, અનેક ભઠ્ઠાઓ પર નાના બાળકોને મજૂરી કરતા જોવા મળતા હોવાને કારણે બાળ અધિકારોના ખુલ્લેઆમ હનનની ચર્ચા ઉઠી છે. કેટલાક ભઠ્ઠાઓ પરથી હાઈ ટેન્શન વીજ લાઈનો પસાર થતી હોવાની માહિતી પણ બહાર આવી છે, જે કોઈ મોટી દુર્ઘટનાને આમંત્રણ આપે તેવી સ્થિતિ છે. પરપ્રાંતીય મજૂરોને કામે રાખવામાં આવે છે ત્યારે નજીકના પોલીસ મથકે તેમની નોંધણી કરાવવામાં આવી છે કે કેમ, તે પણ મોટો પ્રશ્ન બની રહ્યો છે.

## દાહોદના સહકાર નગર નિજાનંદ સોસાયટીમાં દાગીના ચોરીથી ચકચાર

(પ્રતિનિધિ) દાહોદ, તા.31

દાહોદ શહેરના સહકાર નગર નિજાનંદ સોસાયટીમાં તશ્કરોએ એક મકાનને નિશાન બનાવી દાગીના, રોકડની ચોરી કરી હતી તેમજ ત્યાં પાર્ક કરેલા ત્રણ જેટલા વાહનોની પણ ચોરી કરી લઇ જતા શહેરમાં ખળભળાટ મચ્યો છે ત્રણ વાહનો રોકડ અને સોના ચાંદીના દાગીના મળી કુલ ૩.૧૫ લાખ ની ચોરી અંગે દાહોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે તસ્કરોને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે

બનાવની મળતી માહિતી અનુસાર દાહોદ શહેરના સહકાર નગર નિજાનંદ સોસાયટી ની છેલ્લી ગલીમાં રહેતા દિલીપ ભાઈ માનસિંગભાઈ નીનામા ના ઘરે તારીખ ૨૮ થી ૩૦ દરમિયાન ઘર બંધ હતું. આ તકનો લાભ લઈ દિલીપભાઈ ના મકાન ની બાજુમાં પાર્ક કરેલી બુલેટ કિંમત ૧.૫૦ લાખ રૂપિયા તેમજ એકટીવા મોટરસાયકલ કિંમત ૬૦૦૦૦ એને દિલીપભાઈ ની પોતાની મોટર સાયકલ કિંમત ૨૫૦૦૦ ની ચોરી કરી હતી.

## દાહોદ નવજીવન સાયન્સ કોલેજ અને જલ ભવન વચ્ચે મહત્વના કરાર

**વિદ્યાર્થીઓના** કૌશલ્ય વર્ધન અને સમાજ ઉત્થાન માટે નવી પહેલ



(પ્રતિનિધિ) દાહોદ, તા.31

શિક્ષણને સામાજિક જવાબદારી સાથે જોડવાના ઉમદા હેતુથી, નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના માઈક્રોબાયોલોજી વિભાગ અને જલ ભવન, દાહોદ વચ્ચે એક મહત્વપૂર્ણ સમજૂતી પત્ર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. સંસ્થાના કાર્યકારી પ્રિન્સિપાલ ડૉ. ગૌરાંગ ખરાડીના માર્ગદર્શન હેઠળ લેવાયેલ આ નિર્ણયથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસની સાથે દાહોદ જિલ્લાના જન-સ્વાસ્થ્યને પણ સીધો ફાયદો થશે.

કરારનો મુખ્ય ઉદ્દેશ્ય પુસ્તકીયા જ્ઞાનને પ્રાયોગિક અનુભવમાં પરિવર્તિત કરવાનો છે. ભાગીદારી હેઠળ, માઈક્રોબાયોલોજીના વિદ્યાર્થીઓ જલ ભવનની લેબોરેટરીમાં પાણીના પરીક્ષણ, શુદ્ધિકરણની પ્રક્રિયા અને સૂક્ષ્મ જીવાણુઓના વિશ્લેષણ અંગે પ્રત્યક્ષ તાલીમ મેળવશે. કાર્યક્રમમાં માઈક્રોબાયોલોજી વિભાગના હેડ સંદિપ પ્રજાપતિ, શિખા મોઢીયા તથા કૃપાલી પરમાર જલ ભવનના ટેકનિકલ નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા.